instrument and show him how to use it, where to place his fingers, how to use his breath. But it is not possible and I am forced to hear his awful tunes..."

- The Mother

## સ્વાર્થી બ્રાહ્મણ

એક દિવસ એક બ્રાહ્મણ ખેતરોમાં થઈને જતો હતો ત્યાં તેણે એક પીપળાના ઝાડમાંથી એક અવાજ આવતો સાંભળ્યો અને તેને આશ્ચર્ય થયું. એ અવાજ એની સાથે ઘણીએક વાર વાતો કરતો રહ્યો અને એને મનાઈ કરતો રહ્યો  કે તારે કોઈ તળાવમાં નહાવું નહિ, તારી સાંજની પૂજા કરવી નહિ, ખાવું નહિ તેમ જ જતા રહેવું નહિ.

એટલે પછી બ્રાહ્મણ બોલી ઊઠયો :

'આવી નિર્દોષ વસ્તુઓ કરવાની મને મનાઈ કરતો તું કોણ છે ?

પીપળાના ઝાડમાંથી આવતા અવાજે જવાબ આપ્યો:

'હું એક બ્રહ્મરાક્ષસ છું. મારા ગયા જન્મમાં હું એક બ્રાહ્મણ હતો અને સંગીતની કળામાં ઘણો પ્રવીણ હતો, પણ હું મારું જ્ઞાન બીજાઓને આપવા માટે તૈયાર ન હતો, મારું જ્ઞાન મેં મારી પાસે જ રાખી મૂકેલું. અને હવે મને બ્રહ્મરાક્ષસ થવાનો શાપ મળ્યો છે અને મારે એક વાંસળી વગાડનારને સાંભળવો પડે છે, અને એ કેટલું તો ખરાબ વગાડે છે એ હું તમને કહી શકતો જ નથી. ભયંકર છે. મને કેટલીયે વાર થઈ આવ્યું છે કે હું ઝાડમાંથી બહાર નીકળી આવું, એની વાંસળી ઝૂંટવી લઉં અને એને શીખવું કે કઈ રીતે વાંસળી વગાડવી જોઈએ, કયાં એણે એની આંગળીઓ મૂકવી જોઈએ, કેવી રીતે શ્વાસ વાપરવો જોઈએ. પણ એ બની શકે તેમ નથી અને એના ભયંકર સંગીતને સાંભળતા જ રહેવું પડે છે. ...'

- શ્રી માતાજી

---

**Tales of All Times: p.97-93,94. /** સુંદર કથાઓ : પૃ. ૧૩૦-૧૨૫,૧૨૬,૧૨૭.

**From:Dakshina Karyalaya, Sri Aurobindo Ashram, Pondicherry-2. ✆ 0413-2331470**
રવાના: દક્ષિણા કાર્યાલય, શ્રી અરવિન્દ આશ્રમ, પોંડિચેરી-૨ ✆ ૦૪૧૩-૨૩૩૧૪૭૦ • **September 2018**

Prosperity

શ્રી માતાજીની
સિદ્ધિ-રિદ્ધિ

**2018**
SEPTEMBER
૧ સપ્ટેમ્બર, ૨૦૧૮

### — The Giver .. The Non-Giver —
### — આપનાર .. ન આપનાર —

**[ If you give with love what you have, gods give you their Darshan. If you cling selfishly to what you have, you become a Brahma-Rakshas. - Editor**

**તમારું પોતાનું જે છે, પણ જરૂર હોય તેને પ્રેમથી એ આપો છો, તો દેવો પણ તમને દર્શન આપે છે. તમારું પોતાનું જે છે, એને સ્વાર્થથી પકડી રાખી જરૂર હોય તેને પણ નથી આપતા, તો અંતે બ્રહ્મરાક્ષસ બનવું પડે છે. – તંત્રી ]**

~

We can all be givers. A holy book says, 'It is more blessed to give than to receive.'

આપણે સૌ દાતાર બની શકીએ છીએ. એક પવિત્ર ગ્રંથ કહે છે : 'લેવા કરતાં આપવું એ વધારે ભાગ્યશાળી વસ્તુ છે.'

## King Rantideva

**Rantideva,** who was a king, became a hermit in the forest. He had  given his wealth to the poor and lived a simple life in the solitude of the jungle. He and his family had only the bare necessities of life.

One day, after a fast of forty-eight hours, a light meal of rice with milk and sugar was prepared for him.

A poor Brahmin came up to the door of the hut and asked for food. Rantideva gave him half of his rice. Then

came a Sudra begging for help and Rantideva gave him half of what remained.

Then he heard a dog barking; the poor beast seemed to be starving. Rantideva gave him what was left. Last of all came a Pariah who stopped at the hermit's door and asked for help. Rantideva gave him the milk and the sugar, and continued to fast.

Then came four gods who said to him:

"It was to us, Rantideva, that you gave food, for we assumed the forms of a Brahmin, a Sudra, a dog and a poor outcaste. You were good to us all and we praise you for your loving thoughts."

A kind heart treats all men and even animals as members of one family, one humanity.

## રાજા રંતિદેવ

રંતિદેવ એ રાજા હતા અને સાધુ થઈને જંગલમાં રહેતા હતા. એમણે પોતાનું ધન ગરીબોને આપી દીધું હતું અને જંગલના એકાંતમાં સાદું જીવન ગાળતા હતા. એ અને એમનું કુટુંબ જીવન માટેની ઓછામાં ઓછી જરૂરિયાતો મેળવીને કામ ચલાવતાં હતાં.

એક દિવસ, રંતિદેવ રાજાએ અડતાળીસ કલાક ઉપવાસ કર્યા પછી, એમને માટે ભાત, દૂધ અને ખાંડનું બનાવેલું ભોજન તૈયાર કરવામાં આવ્યું.

ત્યાં એમની કુટિરના બારણા પાસે એક ગરીબ બ્રાહ્મણ આવીને ઊભો રહ્યો અને તેણે ભિક્ષાની માગણી કરી. રંતિદેવે પોતાના ભાતમાંથી અર્ધો ભાગ એને આપ્યો. તે પછી એક શૂદ્ર કંઈક માગતો માગતો આવ્યો અને જે બાકી રહ્યું હતું તેમાંથી અર્ધો ભાગ રંતિદેવે તેને આપ્યો.

એ પછી રંતિદેવે જોયું કે એક કૂતરો ભસી રહ્યો છે. એ બિચારું પ્રાણી ભૂખ્યું હોય તેમ લાગતું હતું. રંતિદેવે જે કાંઈ વધેલું હતું તે તેને આપી દીધું. છેવટે પછી એક અંત્યજ સાધુ રંતિદેવના દ્વાર ઉપર આવ્યો અને મદદ માટે યાચના કરી. રંતિદેવે એને દૂધ અને ખાંડ આપી દીધાં અને ઉપવાસ ચાલુ રાખ્યો.

એ પછી ત્યાં ચાર દેવો આવ્યા અને રંતિદેવને કહેવા લાગ્યા:

'રંતિદેવ, તમે જે ભોજન કરાવ્યું છે તે અમને કરાવ્યું છે, અમે બ્રાહ્મણ, શૂદ્ર, શ્વાન અને એક ગરીબ અંત્યજનું રૂપ ધારણ કરીને આવ્યા હતા. તમે અમારા સૌને માટે સારું કાર્ય કર્યું છે અને તમારામાં રહેલા પ્રેમપૂર્ણ વિચારો માટે અમે તમારી પ્રશંસા કરીએ છીએ.'

એક પ્રેમભરેલું હૃદય સર્વ મનુષ્યો અને પ્રાણીઓને પણ એક જ કુટુંબનાં હોય તે રીતે, એક જ માનવતા તરીકે નિહાળે છે.

## Selfish Brahmin

**One,** day a Brahmin was walking through the countryside when he was surprised to hear a voice coming from a pipal-tree. The voice spoke to him several times bidding him not to bathe in a tank, not to perform his evening worship, not to eat and not to go away.

So he cried out:

"Who are you to forbid me to do things which have no harm in them?"

The voice from the pipal-tree replied:

"I am a Brahma-Rakshas. In my last life, I was a Brahmin and very learned in the art of music but I was unwilling to impart my learning to others. I kept my knowledge to myself. And now I am doomed to be a Brahma-Rakshas and every day I have to listen to a piper, and I cannot tell you how badly he plays. It is terrible. How often I have wished I could come out of the tree, snatch away his